# શરણાગતિ

## (શરણભાવ)



લેખકઃ

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# સુગંધીત સૂત્રો

માતા માતૈવ કેવલમ્ ।
ન માતુઃ પરદૈવતમ્ ।

'માતા'એ શબ્દ નથી, તીર્થ છે.

'મા'એ મહિલા નથી, મહિમા છે.

'મા'એ શાશ્વતીનું બીજું નામ છે.

'મા'ના જેવું છત્ર નહિ, 'મા'ના જેવો છાંયડો નહિ.

'મા' પતિતને પાવન કરનારી નથી, પાવન ગણનારી છે.

'મા'ના બે ચરણ છેઃ એક સમતા, બીજું મમતા.

જનની જન્મભૂમિ તો સ્વર્ગથીએ મહાન છે.

રંગ અમોને દેજે શક્તિ
કરીએ અમે પણ 'મા'ની ભક્તિ.

***

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

લેખક : પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬

પ્રકાશક : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
આણંદ. ફોન. (૦૨૬૯૨) ૨૪૯૪૫૫

ગ્રાફિક્સ : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ-૩૮૮ ૦૦૧.

આવૃત્તિ : પ્રથમ
આસો સુદ પાંચમ, પાંચમું નોરતું, સંવત ૨૦૬૫
બુધવાર, તા. ૨૩-૯-૨૦૦૯.

પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રાપ્તિસ્થાન :

૧. અવધૂત પુસ્તક ભંડાર, નારેશ્વર
ફોનઃ (૦૨૬૬૬) ૨૫૩૬૭૧

૨. શ્રી ગિરીશભાઈ કે. દવે
૧૧/એ, ન્યુ રાધિકા સોસાયટી,
ઈસનપુર, અમદાવાદ.
મો. ૯૯૭૯૭ ૩૮૬૬૬

પાંચ રૂપિયા

# આશીર્વચન

કળિકાળમાં માતૃભક્તિનો દીપ જલાવનાર અને એને ઝળહળતો રાખનાર પ.પૂ. રંગ અવધૂત મહારાજની માતૃભક્તિ અજોડ છે. 'મારી મા મારા માટે સુપ્રીમ કોર્ટ છે' એ એમનું સોનેરી સૂત્ર માતૃભક્તિના આ મશાલચીની રાહે ડગ મૂકનાર પરિવારના સંતાનોમાં પણ માતૃભક્તિના અંકુરો ફૂટવાં જ જોઈએ. રંગભક્તિની સાચી પારાશીશી માતૃભક્તિ જ છે.

રંગભક્તિને વરેલા ચિ. રાજેન્દ્રભાઈ અને અ.સૌ. નીલાબહેનના સંતાનોમાં આવી માતૃભક્તિ પ્રગટે એ સ્વાભાવિક છે. પોતાની માતાની ષષ્ઠિપૂર્તિને આવા પુસ્તક પ્રકાશન દ્વારા ઉજવવાનો ખ્યાલ જ મૌલિક છે અને એ ગુરુકૃપાનું જ પરિણામ છે. આવા સત્કર્મને આશીર્વાદ હોય જ છે. અરે! આવું સત્કર્મ જ સ્વયં આશીર્વાદરૂપ હોય છે.

અ.સૌ. નીલાબહેન એમનું શેષજીવન રંગભક્તિમાં પસાર કરે અને ગુરુમહારાજમાં શરણભાવ રાખી પરિવારને મહેંકતો રાખે એવી મારી ગુરુમહારાજને પ્રાર્થના. એમના પર ગુરુમહારાજના આશીર્વાદ ઉતરો. ગુરુમહારાજના આશીર્વાદમાં જ મારા આશીર્વાદ સમાયેલા છે.

શિકાગો ॐ
અમેરિકા પ્રેમ

# લેખકનું નિવેદન

"નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહેવું કે એના પગનો ફૂટબોલ થઈને ઉછળવું" એમાં કેવળ શરણાગતિ જ છે- શરણભાવ જ છે. શરણભાવ સ્વીકારનારની જવાબદારી શ્રીહરિ લે છે એનો અર્થ એ નથી કે શરણું લેનારે કર્મ નથી કરવાનું. કર્મ તો પહેલાની માફક જ કરવાનું છે પણ કર્મ કરવા પાછળની દૃષ્ટિ બદલવાની છે. 'કર્મે જ થાયે અધિકાર તારો' એવું સ્વીકારી જે ફળ મળે તેને ભગવત્પ્રસાદી માની આનંદથી માણવાનું છે.

બે વર્ષ પહેલાં 'શરણાગતિ' વિશે તૈયાર કરેલું પુસ્તક આજે મારા જ ભત્રીજાઓ એમની મમ્મી અ.સૌ. નીલાબહેનની ષષ્ઠિપૂર્તિના વર્ષ નિમિત્તે પ્રકાશિત કરી રહ્યા છે એ ભગવાનની કૃપાનું ફળ છે.

ચિ. ભાઈ રવીશ, ચિ. ભાઈ હાર્દિક અને બહેન અપર્ણા આ રીતે માતૃઋણનો સ્વીકાર કરે છે એ પ્રયાસ જ મૌલિક છે. માતૃઋણ ચૂકવી તો ન શકાય પરંતુ એનો સ્વીકાર તો જરૂર કરી શકાય. ઋણ સ્વીકારનો સંસ્કાર એ રંગ પરિવારની દેન છે.

માતાને લગતા સુગંધીત સૂત્રો મૂકવા પાછળનો હેતુ પણ ઋણ સ્વીકાર જ છે. ભગવાનનું અને ભગવાન સ્વરૂપ માતાનું શરણું સ્વીકારનાર ભગવાનને અને માતાને વહાલા લાગે એ

સ્વાભાવિક છે અને એની યોગક્ષેમની જવાબદારી પણ ભગવાન જ - માતા જ - ઊઠાવે છે.

મારા નાના ભાઈ ચિ. રાજેન્દ્રનો અને એના પરિવારનો પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ પ્રતિ અને પૂ. પ્રેમ અવધૂતજી પ્રતિ જે શરણભાવ છે તે ઉત્તરોત્તર વધતો રહે એવી પ્રાર્થના. મારી આ શુભેચ્છામાં અ.સૌ. અંજની અને સમગ્ર પરિવાર જોડાય છે.

અમદાવાદ - પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# પ્રકાશકનો હર્ષોદ્‌ગાર

માતૃઋણનો હૃદયથી સ્વીકાર એ પણ અતિ રોમાંચક ઘટના છે. જેણે દુઃખ વેઠીને અને ગર્ભમાં રહેલા જીવનો ભાર વેંઢારીને અમને ધરતી પર રમતા મૂક્યા એ અમારા વહાલા મમ્મી-માતુશ્રી પૂ. અ.સૌ. નીલાબહેનની ષષ્ઠિપૂર્તિની ઉજવણીરૂપે 'શરણાગતિ (શરણભાવ)' પુસ્તિકા પ્રકાશિત કરવાનો વિચાર આવ્યો.

'મા', જેણે અમને જીવનની દરેક વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય, હિંમત, પ્રેમ અને શાંતિથી જીવવાની રીત શીખવી. પ્રેમનું મૂર્તિમંત સ્વરૂપ એટલે જ અમારી મા. એનું જીવન એટલે સાસુ-સસરા અને પતિની સેવા, દરેક આપ્તજનો, અતિથિઓનું પ્રેમ-ઉમંગ-સભર આતિથ્ય અને પોતાના બાળકોનો સંસ્કારસિંચન સહ પ્રગતિમય ઉછેર. 'નિર્મળ હૈયું નિર્મળ વાણી, નયને પ્રેમ તણી સરવાણી' આ સૂત્રને ચરિતાર્થ થતું અમે અમારી માતાના જીવનમાં નિહાળીએ છીએ. આ શુભ અવસર પર પ.પૂ. શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ તથા પૂ. પ્રેમ અવધૂતજીને અંતરવાંચ્છના કે અમારી માતાને રંગ-પ્રેમમય, નિરામય, દિર્ઘાયુષ્ય પ્રાપ્ત થજો.

'હું હરિનો હરિ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ' એવો શરણભાવ જીવનમાં સ્થિર થઇ જાય તો પછી દુઃખ જેવું

કાંઈ રહેતું નથી. અમારા મુ. કુલીનકાકાએ 'શરણાગતિ' વિશે તૈયાર કરેલું લખાણ અમને આ નિમિત્તે પ્રકાશિત કરવા દઈ અમને અનુગ્રહિત કર્યા છે. અમારા જીવનને શ્રીરંગ-પ્રેમની રાહ બતાવનાર એવા અમારા મુ. કુલીનકાકાના તથા મુ. અ.સૌ. અંજનીકાકીના અંતર આશિષથી દત્તબાવનીના અમૃતવર્ષમાં અને શ્રી માતાજીના મંગલકારી આસો નવરાત્રીપર્વમાં અમારા માતૃઋણના સ્વીકારના સ્વપ્નને સાકાર કરી શકયા છીએ તે માટે એમના ખૂબ ખૂબ આભારી છીએ.

રંગભક્તિના પરિપાકરૂપ માતૃભક્તિ અમારા જીવનમાં સદા નવપલ્લવિત રહે એવી ભગવાનને પ્રાર્થના.

અમારી આ લાગણીને વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવામાં સહાયરૂપ બની અંતર આશિષની હેલી વરસાવનાર અને દરેક પરિસ્થિતમાં પડખે રહી હૂંફ આપનાર અમારા પૂ. પિતાશ્રીના પણ અમો ઋણી છીએ.

આશીર્વચન લખી આપવા માટે પ.પૂ. બાપુજી-પ.પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના અમો ઋણી છીએ. અમારા જીવનના પ્રેરકબળ અને ચાલકબળ એવા પ.પૂ. રંગ અવધૂત મહારાજ તથા પૂ. શ્રી પ્રેમ અવધૂતજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.


* અપર્ણા ઉપાધ્યાય

આણંદ

* રવીશ ઉપાધ્યાય

* હાર્દિક ઉપાધ્યાય

# પ.પૂ. રંગ અવધૂત મહારાજ
## (નારેશ્વર)



દત્તાવતારી ગુરુ રંગ પ્યારા!
આશિષ દેજો પ્રભુ! આજ ન્યારા,
મહેંકી રહે જીવનભક્તિ ક્યારા
જીવન મહીં હો પ્રભુ પ્રેમધારા.

# પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)



ગુરુને સેવ્યા, સેવે* ગુરુ પણ,
એવા સેવકને હો ધન ધન;
સેવાવૃત્તિ અજબ ખિલાવી,
ગુરુકૃપાની પામ્યા ચાવી.

* પક્ષી ઇંડુ સેવે તેમ.

# અભિવંદન



**અ.સૌ. નીલા રાજેન્દ્ર ઉપાધ્યાય**

જન્મ તારીખઃ ૨૬-૦૯-૧૯૪૯

નીતિ, ધર્મ ને જીવન રીતિ,
લાડ લડાવ્યા દીધી પ્રીતિ;
બેલી અલબેલી તું માડી,
નશ્વર જગની જનની ન્યારી.

# અભિવંદન



## શ્રી રાજેન્દ્ર ગ. ઉપાધ્યાય

જન્મ તારીખઃ ૦૪-૦૯-૧૯૪૩

રામ રાખે તેમ રહેવું - શરણાગતિ
ગાજે છે રંગધૂન - રંગપ્રેમમાં હો મતિ
યોગીન્દ્રવર્ય તણા પાવન આ ચરણમાં
પ્રેમથકી નેમ થકી રહીએ બસ સ્મરણમાં

# શરણાગતિ યાને શરણભાવ

(તારે શરણે થાવું નચિંત)

હું હરિનો હરિ છે મમ રક્ષક,
એહ ભરોસો જાય નહિ;
હરિ કરશે તે મમ હિતનું,
એ નિશ્ચય બદલાય નહિ.

બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ ના પરમ્ । એવું આદિ શંકરાચાર્યે પોતાના અદ્વૈતવાદના સિદ્ધાંતને એક સૂત્ર દ્વારા રજુ કર્યું. જીવ પોતે બ્રહ્મ હોવા છતાં અવિદ્યા-અજ્ઞાનને કારણે પોતાને કર્તા સમજે છે અને એનામાં કતૃત્વ-ભોક્તૃત્વનો ભાવ ધારણ કરે છે. આ અજ્ઞાન જ બધાં દુઃખોનું મૂળ છે. જો જીવને એવી પાકી સમજ આવી જાય કે કર્તા-હર્તા તો શ્રીહરિ છે અને હું તો નિમિત્તમાત્ર છું તો એ પોતાના માથે કર્તાપણાનો બોજો લઈને નહિ ફરે. બધું કરવા છતાં એ કર્મફળમાં લપટાતો નથી અને કર્મફળ-સુખ કે દુઃખથી બંધાતો નથી.

'હું હરિનો હરિ છે મમ રક્ષક' એ પંક્તિમાં હરિનું શરણું લેવાનો- શરણગમનનો ભાવ છે. જો વ્યક્તિ ભગવાનની શરણાગતિ સ્વીકારી લે તો એ ભગવાનના હાથનું રમકડું બનીને, નિશ્ચિંતભાવે કાર્યો કરશે. આમ શરણાગતિમાં પણ માનવ કર્મો તો કરશે જ પરંતુ એ કર્મનો બોજો પોતાના માથે નહિ રાખે.

## શરણાગતિ એટલે શું?

શરણાગતિ એટલે ભગવાનને શરણે જવું- પોતાના ઈષ્ટદેવને શરણે જવું. શરણાગતિની સિદ્ધિ કેવળ શબ્દોથી થતી નથી અથવા તો ભગવાનનું શરણું લીધું એટલે હવે મારે કશું જ કરવાનું રહેતું નથી એમ પણ નથી. શરણાગતિમાં વ્યક્તિએ પોતાની દૃષ્ટિ બદલીને પહેલાં કરતો હતો તે બધા જ કાર્યો કરવાનાં છે. પરંતુ દૃષ્ટિ બદલવાની એટલે શું?

## અહંભાવનું વિસર્જનઃ

શરણભાવ કે શરણગમનમાં વ્યક્તિની દૃષ્ટિ અહંશૂન્ય બની જાય છે. બધાં કર્મો કરવા છતાં એ કર્મોનો બોજ માથે

રાખતો નથી. એ કેવળ નિમિત્ત બનીને કાર્યો કરે છે. વળી કર્મો કર્યા પછી પણ જે ફળ મળે, જે પરિણામ આવે છે તેને ભગવાનનો પ્રસાદ માની હસતે મોંએ સ્વીકારી લે છે. "જે થયું, જે થાય છે અને જે થશે તે બધું બરાબર જ છે" એમ માનીને વ્યક્તિ જીવે છે. 'હરિ કરશે તે મમ હિતનું' એવી પાકી સમજ આવે છે.

પ.પૂ. સ્વામી પાગલ પરમાનંદ પરમહંસ ભગચ્છરણાગતિમાં નોંધે છે તેમ શરણાગત ભક્ત તો પોતાના અહમ્‌ને અને એ અહમ્‌ની સાથે સંબંધ રાખનાર પ્રત્યેક સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવને ભગવાનને અર્પણ કરી દે છે. પછી એ ભક્તનું જીવન ભગવાનની રુચિનું જીવન, ભક્તનું મન પરમાત્માની રુચિનું મન અને ભક્તની બુદ્ધિ ભગવદ્‌બુદ્ધિ બની જાય છે. 'હરિ કરશે તે મમ હિતનું' એવી વૃત્તિ થઈ જાય છે. શરણાગત ભક્તની બધી ક્રિયા પરમાત્માના મનને અનુકૂળ થવા લાગે છે.

મહાન પુરુષો પોતાની દૃષ્ટિ બદલીને કાર્ય કરતા હોવાથી તેઓ જીવન જંગમાં જીતે છે. તેઓ કરે છે તો

બીજાના જેવું જ, પરંતુ એ પાછળની દૃષ્ટિ અહંભાવ રહિત હોય છે. કહેવાયું છે કેઃ “Winners do not do different things, they do things differently.”

“જીવનનો જંગ જીતનારા આપણા કરતાં કંઇ જૂદું નથી કરતાં, જૂદી રીતે કરે છે.”

‘વાંચ વાંચ વિશ્વગ્રંથ વાંચવા જો ચાહના’ એ ભજનમાં પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ લખે છેઃ “દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા.”

પહેલા વ્યક્તિ એમ સમજતો હતો કે આ દુનિયામાં હું આ બધું કરું છું. આ બધી જવાબદારી મારા માથા પર છે. કર્તાપણાનો બોજો માથે લઈને ફરતો હતો. હવે એ એમ માને છે કે આ સંપૂર્ણ સંસાર-દુનિયા- ભગવાનની છે. સ્થૂળથી માંડીને સૂક્ષ્મ સુધીનાં બધાં પદાર્થો ભગવાનનાં છે. અને આ સંસારમાં જે કંઇ થઇ રહ્યું છે તે ભગવાનની દિવ્ય લીલા છે. આ દિવ્ય લીલાના ભાગરૂપે મને નિમિત્ત બનાવીને ભગવાન મારી પાસે આ બધું કાર્ય કરાવે છે. સંસાર, સંસારના પદાર્થો અને એના અંગરૂપ હું પણ ભગવાનનો જ છું.

ભગવાન પોતાના આનંદ માટે જે કાંઈ દિવ્ય લીલા કરી રહ્યા છે તેમાં હું એના પગનો ફૂટબોલ બનીને, એની ઈચ્છા પ્રમાણે, એ જે રીતે લાત મારે તે રીતે ઊંચે ઊડું છું. જે ભેદ દેખાય છે તે બાહ્ય છે, દેખાવમાત્રનો છે.

અહમ્ અને મમનું મન-બુદ્ધિ-ઇંદ્રિય-શરીર તથા સમસ્ત પ્રપંચ સહિત સર્વતોભાવે સમર્પણ એ જ શરણાગતિનું યથાર્થ સ્વરૂપ છે.

શરણાગતિમાં ભક્ત પોતાનાં શરીર, વાણી, મન અને બુદ્ધિથી ક્રમશઃ પોતાને પરમાત્માના ચરણમાં સમર્પિત કરે છે.

## શરણાગતિના પ્રકારઃ

આનુકૂલ્યસ્ય સંકલ્પઃ પ્રાતિકૂલ્યસ્ય વર્જનમ્ ।
રક્ષિષ્યતીતિ વિશ્વાસો ગોપ્તૃત્વવરણં તથા ।
આત્મનિક્ષેપકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિ ॥

(પુરાણોક્તિ)

શરણાગતિના છ પ્રકાર છે. છ પ્રકારની સાધના વડે સાધક શરણાગતિ સિદ્ધ કરે છે.

(૧) **આનુકૂલ્યસ્ય સંકલ્પઃ**:- અનુકૂળ વર્તન કરવાનો સંકલ્પ.

પોતે જેનું શરણું લીધું છે તે પરમ આરાધ્ય દેવને- શરણ્યને અનુકૂળ વર્તન કરવાનો સંકલ્પ- સુદઢ નિશ્ચય.

શરણાગતિમાં ઈષ્ટદેવને ગમે તે કરવાનો સંકલ્પ હોય છે.

(૨) **પ્રતિકૂલ્યસ્ય વર્જનમ્**:- પ્રતિકૂળ વર્તનનો ત્યાગ.

પોતાના આરાધ્ય દેવને પ્રતિકૂળ હોય તેવું વર્તન નહિ કરવાનો નિશ્ચય.

(૩) **રક્ષિષ્યતીતિ વિશ્વાસઃ**:- રક્ષણ કરશે એવો વિશ્વાસ.

મેં જે ભગવાનનું શરણું લીધું છે તે ભગવાન મારું અચૂક રક્ષણ કરશે જ એવો દઢ વિશ્વાસ.

**(૪) ગોપ્તૃત્વવરણંઃ-** જેમ વધૂ વરને પતિના સ્વરૂપમાં વરણ કરે છે તેમ.

જેમ વધૂ વરરાજાને પતિના સ્વરૂપમાં સ્વીકારે છે, પસંદ કરે છે તેમ ભક્ત પણ ભગવાનને 'ગોપ્તા' એટલે કે રક્ષકના રૂપમાં વરણ કરે છે. અર્થાત્ હે કૃપાસિન્ધો! આપ જ મારા રક્ષક છો એવી સ્વીકૃતિ કરે છે.

**(૫) આત્મનિક્ષેપઃ-** આત્મસમર્પણ.

તન, મન અને ધનથી ભગવાનને આત્મનિવેદન કરવું.

**(૬) કાર્પણ્ય (દીનતા):-** આ છ પ્રકારની સાધના વડે સાધક શરણાગતિને સિદ્ધ કરે છે.

આ છ સાધનને થોડી વિગતે જોઈએ.

**(૧) <u>સાધન ૧ અને ૨ઃ</u>**

પોતાના આરાધ્ય દેવને અનુકૂળ હોય એવું વર્તન કરવાનો અને પ્રતિકૂળ હોય તેવું વર્તન નહિ કરવાનો દૃઢ સંકલ્પ. શરણાગતિમાં અહંનું વિસર્જન કરનારો સાધક

પોતાને શું ગમે અને શું ન ગમે એનો વિચાર કરતો જ નથી. પોતાના ઈષ્ટદેવને હું શું કરું તે ગમે અને શું કરું તે ના ગમે એની જ વિચારણા કરતો હોય છે. 'શિષ્ય પોતાની વૃત્તિને ગુરુની વૃત્તિમાં ભેળવી દે' એ શરણાગતિ છે. 'કરિષ્યે વચનં તવ'- તમે જેમ કહેશો તેમ જ કરીશ એ પણ શરણાગતિ છે.

'રામ રાખે તેમ રહીએ, ઓધવજી! રામ રાખે તેમ રહીએ' એ પણ શરણભાવ જ સૂચવે છે.

ટૂંકમાં, શરણભાવમાં શરણ લેનારનું એક માત્ર ચિંતન પોતાના શરણ્યને અનુકૂળ થવાનું જ હોય છે. પોતાના અહમ્‌ને-અસ્તિત્વને ઓગાળી નાંખવામાં આવ્યું હોય છે.

(૨) <u>સાધન ૩:</u>

મેં જેનું શરણ લીધું છે તે મારું રક્ષણ કરશે એવો પૂરો વિશ્વાસ એ શરણાગતિનું મહત્ત્વનું સાધન છે. આવો વિશ્વાસ હોવાને કારણે શરણાગત ભક્તનું મન પોતાના ઈષ્ટદેવને છોડીને બીજે ક્યાંય જતું જ નથી.

ઈષ્ટદેવ એ જ મારો રક્ષક છે અને એ મારું રક્ષણ કરશે જ એવી પાકી ખાતરી હોવાને કારણે ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ભક્ત નિર્ભય રહે છે. મોતના મોંમાં પોતે જઇ રહ્યો છે એવું દેખાય ત્યારે પણ ‘મને કશું થવાનું નથી’ એવો એનો દ્દઢ નિશ્ચય હોય છે. આવા નિશ્ચય પાછળનું પ્રેરણા સ્ત્રોત છે નીચેની સાખીઃ

જો જાકી શરણ લીયે તાકી રાખે લાજ,
ઉલટ જલે મછલી ચલે, બહત જાત ગજરાજ.

જે જેનું અનન્યભાવે શરણું લે છે તે તેનું રક્ષણ કરે જ છે. નદીના પ્રવાહની વિરુદ્ધ નાની માછલી જઇ શકે છે કારણ કે તેણે પાણીનું અનન્યભાવે શરણું લીધું છે- તે પાણી વિના જીવી શકતી નથી. પરંતુ એનું જોઇને હાથી જવા જાય તો એ પાણીના પ્રવાહમાં તણાઇ જાય છે. હાથી જમીન ઉપર પાણી વિના જીવી શકે છે એટલે કે એનું રક્ષણ કરવાની જવાબદારી પાણીની નથી.

## (૩) સાધન ૪ઃ

ભક્ત ભગવાનનું વરણ કરે છે- પસંદ કરે છે- સ્વામી તરીકે સ્વીકાર કરે છે. પોતે જેનું શરણું લીધું છે એના સિવાય મારું કોઇ નથી એવો ભાવ સ્વીકારે છે. શરણાગતિમાં એક માત્ર રક્ષક તરીકે પોતાના ઈષ્ટદેવનો સ્વીકાર હોવાથી એનું મન બીજે જતું નથી. બીજા દેવમાં પણ એને પોતાના જ ઈષ્ટદેવના દર્શન થાય છે. એની અવ્યભિચારિણી ભક્તિ હોય છે.

## (૪) સાધન ૫ઃ

આત્મસમર્પણ અને દીનતા એ શરણાગતિના છેલ્લા બે સાધન છે. તન-મન-ધન બધું શરણ્યના ચરણ-શરણમાં અર્પણ કરવું- આત્મનિવેદન કરવું અને પછી પોતે દીન છે, દાસાનુદાસ છે એવો ભાવ કેળવવો એ શરણાગતિની પરાકાષ્ટા છે. હું ભગવાનના દાસનો પણ દાસ છું, અધમ છું, પતિત છું, ખલ અને કામી છું એવા સ્વદોષોનો વિચાર કરીને અહંને તદ્દન ઓગાળવાનો પ્રયત્ન છે.

સાધનહીન મલીન મન દીન વિષય-રસલીન ।
હમ હૈ અતિ દયનીય હરિ! તુમ હો કૃપા પ્રવીન ।

ગોપાલા મેરી કરુણા ક્યોં નહિ આવે? અથવા "મૈં હું પતિત, તુમ પતિતોદ્ધારક, મો પૈ દયા ક્યોં ન આવે?" એ સુરદાસના પદોમાં દીનતા-કાર્પણ્યતા જ છે.

શરણાગતિની ત્રણ કક્ષાઃ 'દાસોઽહં'માંથી 'સોઽહં.'

આદિ શંકરાચાર્ય કહે છેઃ

તસ્યૈવાહં મમૈવાસૌ સ એવાહમિતિ વિધા ।
ભગવચ્છરણં સ્યાત્ સાધનાભ્યાસપાકતઃ ॥

(૧) અહં તસ્યૈવ = હું તેનો જ છું.

(૨) અસૌ મમેવ = એ મારા જ છે.

(૩) અહં સ એવ = હું તે જ છું. (સોઽહમ્)

આવા ત્રણ પ્રકારે સાધનાભ્યાસના પરિપાકથી ભગવાનની શરણાગતિ સિદ્ધ થાય છે.

આ શરણાગતિની અંદર શરૂઆતમાં “હું તેનો જ છું” એવી ભગવાન પ્રતિ અનન્ય ભક્તિ- ભાવનાપૂર્વક શરણાગતિની સાધના હોય છે. આ પહેલું પગથિયું છે. “હું તેનો જ છું”માં ‘જ’ ખૂબ મહત્ત્વનો છે. એના સિવાય બીજું કોઇ નહિ એ ભાવ અનન્ય શરણાગતિ સૂચવે છે. અહીં સાધક પોતાનો હૃદયનો અનન્ય ભાવ વ્યક્ત કરે છે. એ ભાવ પછી સાધનામાં આગળ વધતાં એ મારા જ છે એવો ભાવ જાગે એ બીજી કક્ષા છે. “નારેશ્વરનો નાથ! મારો રંગ અવધૂત”માં આ જ ભાવ છે. આ ઊંચી કક્ષા છે. એ સાધનામાં સાધક આગળ વધે એટલે હું તે જ છું એવી ભગવાન સાથે એકતાની ભાવના થાય છે. બસ! હવે ભગવાન સાથે ભકત સ્વરૂપથી- એકમેકપણે અવસ્થાન કરે છે. આને જ ‘દાસોઽહમ્’માંથી ‘સોઽહમ્’ની ભક્તિ સાધના- શરણાગતિ સિદ્ધ થઇ કહેવાય છે.

પહેલી કક્ષા અવ્યભિચારિણી ભક્તિની કક્ષા છે. બીજી કક્ષામાં ભગવાન સાથે ઘનિષ્ટતા છે અને ત્રીજી કક્ષામાં ભગવાન સાથે એકતા થાય છે.

'હું ભગવાનનો છું' એ શરૂઆત, પરંતુ 'હું ભગવાન જ છું' એ શરણાગતિની સમાપ્તિ. 'આ મારો છે'- એવું જયારે ભગવાન કહે ત્યારે શરણાગતિ સાચી. આપણે ભગવાનની આંગળી ઝાલીએ તે શરૂઆત પણ ભગવાન આપણી આંગળી પકડે એ શરણાગતિની સિદ્ધિ.

## શરણાગતિની ઓળખઃ

શરણાગતિ એ મનનો ભાવ છે. દૃષ્ટિમાં આવતું પરિવર્તન છે. મોંથી કોઇ વાત કરે કે દેખાડો કરે તેથી કાંઇ શરણાગતિ કે શરણભાવ છે એમ મનાય નહિ. વ્યક્તિમાં ખરેખર શરણભાવ છે કે નહિ, એણે ખરેખર શરણાગતિ લીધી છે કે નહિ એ કેવી રીતે ખબર પડે? શરણાગતિની ઓળખ શું?

શરણાગતિની સાચી ઓળખ એ છે કે સાધક જેમ જેમ શરણાગતિના સુખ-શાંતિમય, સર્વ ત્રિતાપને હરી લેનાર શીતળ પ્રદેશમાં પ્રવેશ કરે છે, તેમ તેમ તેનામાં નિર્ભયતા તથા નિશ્ચિંતતાની લાગણી વધતી જાય છે. જેમ પ્રેમમયી જનનીના ખોળામાં સૂતેલું બાળક નિર્ભય અને નિશ્ચિંત બની

જાય છે તેમ શુદ્ધ સચ્ચિદાનંદરૂપા સ્નેહસુધાસમુદ્રમયી જગજ્જનનીના મહામહિમામય ખોળામાં આશ્રય પામી શરણે ગયેલો સાધક પણ નિર્ભય અને નિશ્ચિંત થઇ જાય છે.

આવી સાચી શરણાગતિનો આશ્રય કરનાર ભક્તને કોઇ વ્યક્તિનો કે કોઇ વસ્તુનો ભય રહેતો નથી. પોતાની જાતને પ્રભુના હાથમાં સોંપી દીધા પછી ભય કેવો? ચિંતા કેવી? કોઇ વસ્તુની ચાહના કેવી?

## ગીતા અને શરણાગતિઃ

ગીતાના તાત્પર્યાર્થની સમજ એ છે કેઃ

(૧) સૌ પ્રથમ પરમેશ્વરનું શરણ ગ્રહણ કરવું. (૨) પછી સદ્‌ગુરુની શરણાગતિ- સેવાપૂર્વક ગુરુમુખ વેદાંત વાક્ય (તત્ત્વમસિ)ના વિચાર વડે સ્વસ્વરૂપનું જ્ઞાન મેળવવું. (૩) પોતાના વર્ણાશ્રમને યોગ્ય કર્મો નિષ્કામ ભાવે કરવાં. (૪) વ્યવહાર તથા પરમાર્થ સંપાદન કરવો. (૫) પોતાના કર્તવ્ય કર્મો નિષ્કામ ભાવે કરતાં કરતાં- સમ-વિષમ પરિસ્થિતિમાં સ્વરૂપજ્ઞાન નિષ્ઠા દ્વારા બુદ્ધિનું સમતોલપણું જાળવવું. (૬) જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ લોકોને સારે

રસ્તે ચઢાવવાના હેતુથી- લોકસંગ્રહાર્થે પણ કર્મ કરતા રહેવું. (૭) મોહ, પ્રમાદ કે વૈરાગ્યના ક્ષણિક આવેશથી કર્મયોગનો એકદમ ત્યાગ નહિ કરવો. (૮) પોતાના અધિકાર અથવા રુચિ અનુસાર કર્મયોગ-ભક્તિયોગ-જ્ઞાનયોગનાં વિવિધ સાધનો દ્વારા તત્પરાયણ થવું.

આ છે એકમાત્ર પ્રભુ સાથેનો યોગ- મહાયોગ અને એ જ છે શરણાગતિની પરાનિષ્ઠા. બસ! અહીંયાં જ છે ગીતાજ્ઞાનની સમાપ્તિ.

ગીતામાં શરૂઆતમાં જ અર્જુન ભગવાનનું શિષ્યભાવે શરણ ગ્રહે છે.

બીજા અધ્યાયના સાતમા શ્લોકનો છેલ્લો અર્ધો ભાગઃ

યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે ।
શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ ॥

જે નિશ્ચિતરૂપે મારા માટે કલ્યાણકારી હોય તે મને કહો. કારણ કે હું આપનો શિષ્ય છું. માટે આપને શરણે આવેલા મને ઉપદેશ આપો.

ગીતાના છેલ્લા-અઢારમા-અધ્યાયના નીચેના શ્લોકો શરણાગતિનો ખ્યાલ આપશે.

તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત |
તત્પ્રસાદાત્ પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ||

(શ્લોકઃ૬૨)

હે ભારત (અર્જુન)! તું સર્વ રીતે એ પરમેશ્વરના જ શરણે જા. એ પરમાત્માની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત પરમ ધામને પામીશ.

સર્વભાવે પરમાત્માને શરણે રહેવાનો અર્થ છેઃ સંસાર પ્રત્યે અહં-મમતા રહિત થઈને અનન્ય ભાવથી શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમભાવે નિરંતર ભગવાનનાં નામ, ગુણ, પ્રભાવ અને સ્વરૂપનું ચિંતન કરતાં રહેવું તેમજ ભગવાનનું ભજન-સ્મરણ રાખીને જ એમની આજ્ઞા અનુસાર કર્તવ્યકર્મોનું નિઃસ્વાર્થભાવે કેવળ પરમેશ્વર કાજે આચરણ કરવું.

સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

(શ્લોકઃ૬૬)

સઘળાં કર્મોને-કર્તવ્ય કર્મોને મારામાં ત્યજીને, તું કેવળ એક માત્ર મારા શરણે આવી જા. હું તને બધા પાપોમાંથી મુક્ત કરી દઈશ. તું શોક ના કર.

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધ્વા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોઽસ્મિ ગતસંદેહઃ કરિષ્યે વચનં તવ ॥

(શ્લોકઃ૭૩)

અર્જુનઃ હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઇ ગયો અને મેં સ્મૃતિ મેળવી લીધી છે. હવે હું સંશયરહિત થઈને સ્થિત છું માટે તમે કહેશો તેમ જ કરીશ.

'કરિષ્યે વચનં તવ' એ શરણાગતિનું જ લક્ષણ છે. સર્વ વેદોનો સાર ઉપનિષદ છે. ઉપનિષદોનો સાર ગીતા છે અને ગીતાનો સાર શરણાગતિ છે.

**શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્** થી શરણાગતિનો ઉપક્રમ- શરૂઆત થાય છે અને અંતમાં **સર્વધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ**ની ભગવાનની ઉક્તિથી શરણાગતિનો ઉપસંહાર- એ પ્રમાણે ઉપક્રમ અને ઉપસંહારની એકતા હોવાથી શરણાગતિ એ ભગવદ્‌ગીતાનો આશય છે એમ કહી શકાય.

વળી ગીતામાં વચ્ચે વચ્ચે પણ ઠેક-ઠેકાણે શરણાગતિનો ઉપદેશ છે. એટલે જ ગીતાનો મુખ્ય વિષય અથવા પરમ સિદ્ધાંત શરણાગતિ છે. ગીતામાં શરણાગતિ જ સાધનામધ્ય તથા સાધનસમાપ્તિ છે. શ્રીકૃષ્ણના ચરણની શરણાગતિ એ જ ગીતાગ્રંથ-ધર્મનું સાધન પણ છે અને ફળ પણ છે.

શરણાગતિ શરૂઆતમાં સાધનરૂપે હોય છે અને અંતમાં ફળરૂપે હોય છે. જીવનભર શ્રીકૃષ્ણના ચરણોની ભાવનામય (પરોક્ષ) શરણાગતિ લઈ નિરંતર સેવાસ્મરણમાં રહેવું અને અંતમાં સાક્ષાત્ (અપરોક્ષ) શ્રીકૃષ્ણના ચરણ-શરણમાં રહેવાનો સુયોગ પ્રાપ્ત થવો એ જ પરમ ફળ છે. આ ફળ-પ્રાપ્તિમાં જ ગીતાનું તાત્પર્ય છે.

## શરણાગતિમાં સાધકે ધ્યાનમાં રાખવાની ચાર બાબતોઃ

નીચેની ચાર બાબતો પર સાધકે વિશેષ ધ્યાન આપવું. શરણાગતિની સાધના પરિપક્વ થશે ત્યારે આ વસ્તુ સાધક માટે સ્વાભાવિક બની જશે-સહજ બની જશે.

૧. જેનું શરણું ગ્રહ્યું છે તે પરમાત્માનું નિત્ય-નિરંતર સ્મરણ કરવું.

૨. પરમાત્માની- શરણ્યની આજ્ઞા પ્રમાણે જીવન બનાવી લેવું.

૩. પરમાત્માના હરેક વિધાનમાં પરમ સંતુષ્ટ રહેવું એટલે કે તેમની કૃપાથી અથવા ઈચ્છાથી પ્રાપ્ત થતી પ્રતિકૂળમાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તેમની મંગળમયી ઈચ્છા જ સમજવી અને તેવું સમજતાં જ અનુકૂળતાનું પ્રતીત થવું.

૪. કોઇ પણ વસ્તુની- પદાર્થની ચાહના- ઈચ્છા રાખવી નહિ.

ઉપરના ભાવ જેમ-જેમ વધતા જાય તેમ તેમ સાધકમાં પરમાત્માની શરણાગતિની વૃત્તિ વધુ ને વધુ મજબૂત બની રહી છે એમ સમજવું.

## રામાયણમાં વિભિષણની શરણાગતિઃ

રાવણને વિભિષણે સલાહ આપી કે સીતાને રામચંદ્રને સોંપી દેવામાં બધાનું હિત છે ત્યારે રાવણે ભરી સભામાં વિભિષણને લાત મારી. કુટુંબને છોડીને વિભિષણ રામના શરણે ગયો. તુલસીદાસે એક ભજનમાં આ પ્રસંગને નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

કુટુંબ તજિ શરણ રામ! તેરી આયો!
તજિ ગઢ લંક મહલ અરુ મન્દિર, નામ સુનત ઊઠ ધાયો.
...કુટુંબ.

ભરી સભામેં રાવણ બૈઠો, ચરણ-પ્રહાર ચલાયો,
મૂરખ અન્ધ કહ્યો નહિ માને, બાર બાર સમઝાયો.
...કુટુંબ.

જ્યારે વિભિષણ રામની છાવણીમાં આવ્યા ત્યારે બીજા બધા એને દુશ્મનની છાવણીમાંથી આવનાર તરીકે શંકાની નજરે જોતા હતાં પરંતુ રામચંદ્રે તો એને “આવો લંકેશ!” કહીને લંકાના રાજા તરીકે આવકાર્યા. વાલ્મિકી રામાયણમાં

તો ભગવાન રામે તૂર્ત જ લક્ષ્મણજી પાસે સમુદ્રનું જળ મંગાવી અભિષેક કરાવી વિભિષણને સંપૂર્ણ રાજ્ય સંપત્તિ સહજમાં આપી દીધી. શરણાગત પ્રત્યેનું શરણ્યનું વલણ કેવું રહે છે એનું આ ઉત્તમ ઉદાહરણ છે.

જો સંપત્તિ શિવ રાવણહિં દીન્હિ દિયે દશ માથ ।
સો સમ્પદા વિભિષણહિં સકુચિ દીન્હિ રઘનાથ ॥

(તુલસી રામા. સુંદરકાંડ દોહા-૫૧)

યા વિભૂતિર્દશગ્રીવે શિરચ્છેદેઽપિ શંકરાત્ ।
દર્શનાદ્રામદેવસ્ય સા વિભૂતિર્વિભીષણે ॥

(હનુમન્નાષ્ટક)

રાવણને શંકર ભગવાને શ્રીલંકાની સંપત્તિ આપી પરંતુ એ ક્યારે આપી? જ્યારે રાવણે ભારે તપશ્ચર્યા કર્યા પછી પોતાના એક પછી એક એમ દશ માથા ભગવાનને ચઢાવ્યા ત્યારે. જ્યારે ભગવાન રામે તો એ જ સંપત્તિ વિભિષણને દર્શન માત્રે આપી દીધી. અને એ આપતાં પણ રામને સંકોચ થયો. પોતે ઓછું આપે છે એવો સંકોચ.

જ્યારે ભગવાન રામે વિભિષણને લંકેશ તરીકે બોલાવ્યા અને એના ઉપર અભિષેક પણ કરાવ્યો ત્યારે કોકે ભગવાન રામને પૂછ્યુંઃ માનો કે રાવણ યુદ્ધ કરવાનો વિચાર માંડી વાળે અને સમાધાન કરે, સીતા પાછી આપી દે તો પછી એનું શું? ભગવાન રામે તરત જ કહ્યું કે હું એને અયોધ્યાનો રાજા બનાવી દઈશ.

આમ શરણાગતને અભયદાન આપીને, તેનું માન વધારીને સાચા અર્થમાં શરણ્ય એના રક્ષક બને છે. અભયદાન એ બધા દાનમાં મહાદાન ગણાય છે.

ન ભૂપ્રદાનં ન સુવર્ણદાનં ન ગોપ્રદાનં ન તથાન્નદાનમ્ ।
યથા વદન્તીહ મહાપ્રદાનં સર્વેષુ દાનેષ્વભયપ્રદાનમ્ ॥

## શ્રીમદ્ ભાગવતમાં શરણાગતિઃ

રાજા મુચુકુન્દની ભગવત્સ્તુતિ શરણાગતિની દ્યોતક છે.

ચિરમિહ વૃજિનાર્તૈસ્તપ્યમાનોનુ તાપૈ-
રવિતૃષષડમિત્રોલબ્ધશાન્તિઃ કથાચિત્ ।
શરણદ! સમુપેતસ્ત્વત્પદાબ્જં પરાત્મ
ન્નભયમૃતમશોકં પાહિ માપન્નમીશ ॥

(શ્રીમદ્ ભાગવત. સ્કંધ.૧૦,અ.૫૧,શ્લોક-૫૮)

આ સંસારમાં ચિરકાળ (અનાદિકાળ)થી દુઃખની પીડિત અને અનુતાપથી તપ્ત તથા જેની તૃષા (વિષયતૃષ્ણા) કદી મટતી જ નથી એવો છ શત્રુ (પાંચ ઇંદ્રિયો અને એક મન)વાળો હું કદી કોઇ પણ પ્રકારની શાંતિ પામ્યો નથી. શાંતિથી એકદમ અપ્રાપ્ત જ રહ્યો છું. તેથી હે શરણદાતા પરમાત્મા- શરણાગત વત્સલ ભગવાન- હું તમારા ભય, મૃત્યુ અને શોકથી રહિત ચરણકમળને શરણે આવ્યો છું. હે ઇશ્વર! મુજ શરણાપન્નની રક્ષા કરો!

જે જેનું શરણ લે છે તે શરણ્યની-ઇષ્ટદેવની શરણાગતની રક્ષણ કરવાની જવાબદારી બને છે. શરણું લેનારને ગળા સુધીનો વિશ્વાસ હોય છે કે મારા દેવ મારું રક્ષણ કરશે અને તેથી તે બેફિકર બનીને જીવે છે- સોડ તાણીને સૂઈ જાય છે. શરણાગતિ એ સંસારને તરી જવા માટેનો એક માત્ર સરળ ઉપાય છે. પરંતુ આવો શરણભાવ અનેક જન્મોના પુણ્ય ફળે ત્યારે જીવ પૂર્ણપણે સાત્ત્વિકવૃત્તિથી ઉભરે ત્યારે જન્મે છે.

જેનામાં શરણભાવ આવી ગયો તે તરી ગયો એમ સમજવું.

## શરણનો મહિમાઃ

આ દુનિયાના અને પરલોકનાં દુઃખોની નિવૃત્તિ માટે તથા નિત્ય- અખંડ પરમાનંદની પ્રાપ્તિ માટે શરણાગતિ- ભગવાનનું શરણું એ મુખ્ય ઉપાય છે. જેણે એક વાર સર્વભાવથી પોતાને પરમાત્માના ચરણમાં સમર્પિત કરી દીધો છે, ખરેખર તે સદાને માટે નિર્ભય- નિશ્ચિંત અને પરમ સુખી થઇ ચૂક્યો છે.

વિભિષણે ભગવાન રામનું શરણ લઇ લીધું તેથી એમના યોગક્ષેમનો સમસ્ત ભાર ભગવાને પોતાના શિર પર લઈ લીધો. અને એને સંસારસાગરથી તારી દીધો. શરણાગતે કોઇ ચિંતા કે ચાહના કરવાની હોતી નથી.

જેઓ મન-વાણી-કર્મે કરી એટલે કે સર્વભાવે અચ્યુત એવા અવિનાશી ભગવાનને શરણે ગયા છે- એટલે કે જેણે ભગવાનનું અનન્યભાવે શરણું ગ્રહ્યું છે તેઓને માટે યમરાજા પણ સમર્થ નથી હોતા. તેઓ મુક્તિફળના ભાગી હોય છે. બ્રહ્મપુરાણમાં કહ્યું છે કેઃ

કર્મણા મનસા વાચા યેચ્ચ્યુતં શરણં ગતાઃ ।
न સમર્થો યમસ્તેષાં તે મુક્તિફલ ભાગિનઃ ॥

ભગવાનના એકાન્તિક શરણાગત ભક્તો નરકના દુઃખમાંથી નિવૃત્તિ મેળવી મુક્તિની પ્રાપ્તિરૂપી ફળને પામે છે. જેઓ ભગવાનના ચરણકમળનો પૂરેપૂરો આશ્રય કરે છે- અનન્ય ભાવે શરણું ગ્રહે છે- તેઓ માટે ભવસાગર વાછરડાના પગની ખરી (વત્સપદં) થઇ જાય છે. એટલે કે એવા શરણાગતને માટે ભવસાગરને તરવાનું અત્યંત સરળ બની જાય છે. એમાં એમને કોઇ શ્રમ પડતો નથી. અનાયાસે- સહજ રીતે સંસાર તરી જાય છે. ભગવાનની મુશ્કેલીથી તરી જવાય (દુસ્તર) એવી માયાને સહેલાઇથી તરી જાય છે. અને પરમપદ- મોક્ષપદ-ને પામે છે. આવો શરણાગત ભક્ત જન્મ-મરણના ચક્કરમાં ફરી પાછો પડતો નથી.

આમ કેવળ અનન્ય શરણભાવ કેળવવાથી, શરણગમન કરવાથી ભક્ત વિના પ્રયત્ને ભવસાગર તરી જાય છે, મોક્ષપદને પામે છે અને ફરી પાછો જન્મમરણના ચક્કરમાં પડતો નથી.

## પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના સાહિત્યમાં શરણાગતિઃ

### અવધૂતી આનંદમાંથીઃ

૧. પોતાના ઈષ્ટદેવમાં અનન્ય નિષ્ઠા. અનન્યભાવે શરણાગતિ એટલે પોતાને તારનાર એક માત્ર પોતાના ઈષ્ટદેવ જ છે એવી અડગ નિષ્ઠા.

મેરો દત્ત દિગંબર એક હિ તારનહાર.

૨. દત્ત દિગંબર એક અધારા
યહ બિન જગમેં નહિ નિસ્તારા.

૩. શરણાગતિમાં શરણાગત પોતાના શરણ્યને પોતાની દીનતા, પોતાના અવગુણ, પોતાના પાપોને ધ્યાનમાં ન લેવાની અને પોતાનું રક્ષણ કરવાની વિનંતી કરે છે.

અબગુન ન મોંરે, પ્રભુ દેખો રે.
ભટક ભટક ચરનનમેં આયો,
લાજ દાસ કી રાખો રે..

૪. શરણભાવ જન્મે પછી શરણાગતને કોઇ પણ પ્રકારનું દુઃખ કે કોઇ પણ પ્રકારનો ભય રહેતો નથી. એ નિર્ભય બની જાય છે.

શરણભાવે થતાં ના રહે ત્યાં કથા
દુઃખની હે તતા! બ્રીદ તારું.
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું!

૫. કોટિ દોષે કરી પૂર્ણ હું નર હરિ
તુજ તણો જગ્તમાં દાસ કહાઉં;
માર કે તાર તુજ દ્વાર આવી ખડો
લાજ જાશે યદિ ખાલી જાઉં?

૬. માફ કરો અપરાધ કરોડો, પાપી હું તમ બાળ,
તમ વિણ બીજું કાંઇ ન જાણું, ભક્તતણા પ્રતિપાળ.

૭. જીવનદોરી તુજને સોંપી નિશ્ચિત જગમાં ફરું,
કાયા વાચા મનથી તુજની સેવા નિશદિન કરું,
પાપ-પુણ્ય અરપી તુજ ચરણે, અક્ષય શાંતિ વરું.

૮. રાખે તૂ વૈસો હિ રહું મૈં
ઔર નહિ ઉર કામ. ...દત્તાજી મૈં તો.
રંગ સરન તેરો હિ ચરન હૈ
ઔર ન ઠેરન ઠામ.

શરણાગતને કોઈ કામના-વાહના હોતી નથી. ભગવાન જેમ રાખે તેમ રહેવામાં અને એમાં જ આનંદ માનવાની વૃત્તિ હોય છે. એ જ સાચી શરણાગતિ છે.

૯. આજ હમારી જીવનનૌકા ડૂબું ડૂબું ભર દરિયે કરે,
તું વિણ નાથ ન તારક દૂજો, જે ભવસાગર પાર કરે.

૧૦. પાપી હું અપરાધી મેલો, આવ્યો શરણે નાથ,
દર્શન આપી દોષો કાપી, વેગે સ્હાઓ હાથ.
...દીનાનાથ.

૧૧. સરન ચરનમેં રંગ રાંક યહ ભયો દેખ મતવાલો,
ફિરે બાવરો તવ ગુન ગાવત સુમિરન એક તિહારો.
જય ગુરુ અવધૂતા! ક્યા મુજકો અબ ચિંતા ||
...ઠાડે ઔદુંબર.

૧૨. પડ્યો આવી શરણ તારે, ન ખોવાનું કાંઈ મારે,
ભલે મારે કે તું તારે, વિનંતી એ જ મારી છે.
...દિગંબર દત્ત.

૧૩. અનન્ય ભાવે શરણ લેનાર નિર્ભય બની જાય છે, નિશ્ચિંત બની જાય. એની બધી ચિંતા એના ઈષ્ટદેવને માથે.

મૈં તો બેઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે!
દત્ત દિગંબર તારક એક, પતિતોદ્ધારક જોગી ભેખ,
ચૌદોં લોક જગાવત અલેખ, મોહે મન ભાયો. ...
બરનન કર કર થાકે વેદ, સરન ચરન શ્વાન બન લેત,
ભાગે દરસનસે સબ ખેદ, રંગ સુદંગ ભયો. ...

૧૪. અબ મૈં કહાં જાઉં ચરણ શરણ છોડ તોરે. ...

૧૫. આન પડા નાથ! દરપે, શરણમેં લીજીયે રે જી. ..

૧૬. અટપટ દેશ અતિશે સાધો, બજે અનાહત ડંકા,
સદ્‌ગુરુ શરણ બિના નવ જાને, હો રાજા હો રંકા.
...જીવનકો.

૧૭. ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ?

તારે શરણે થાઉં નચિંત. ...

## અમર આદેશમાંથીઃ

### ૧. ૬૦મી રંગજયંતીઃ

અહંનો અંચળો ફેંકી દઈ એક નિરપેક્ષ નગ્ન બાળકની માફક નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની સમક્ષ ઊભા રહો. xxx એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો. ને જુઓ શી મઝા આવે છે! એના પગનો ફૂટબોલ થઈને ઉછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્ય-આકાશમાં તમે કેવા ઊડો છો!

બાળકે ખાધું-પીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદુ, બીમાર છે કે તંદુરસ્ત - એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે. બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો!

### ૨. ૬૫મી રંગજયંતીઃ

સર્વ દુઃખનું મૂળ જે કામ કે વાસના તેનાં બારણાં બંધ કરી એને શરણ આવનારને માટે વિના વિલંબે એ અક્ષય

સુખ કે બ્રહ્મનાં બારણાં ઉઘાડી બ્રહ્મસંબંધ કરાવી- દ્વારકાની યાત્રા પૂર્ણ કરાવે છે. આવા પ્યારા આત્મસંતાનો! આવો આપણે બધાં એની આજે જ અનન્ય શરણાગતિ સ્વીકારીએ અને સુધન્ય થઈએ.

**'રંગ હૃદયમ્'માંથીઃ**

૧. દીનશ્ચાહં નિન્દિતો લોકસંઘૈ
ર્નિસ્વો નગ્નો નિસ્ત્રયં ત્વાં પ્રપદ્યે ।
આપન્નાર્તિચ્છેદને દીક્ષિતાત્મન્
યત્કર્તવ્યં તત્કુરુષ્વાશુ દત્ત ॥

(આર્તપ્રાર્થના - શ્લોક ૪)

લોકોનાં ટોળાઓથી નિંદિત થયેલો અકિંચન, નગ્ન, દીન એવો હું તારે શરણે આવ્યો છું પણ તને મારી લાજ નથી. હે પ્રભુ! શરણે આવેલાનું દુઃખ દૂર કરવાનું જેનું વ્રત છે એવા હે આત્મસ્વરૂપ દત્ત! જે કરવું ઘટે તે તું વિના વિલંબે કર.

૨. શ્રીદત્તઃ શરણં મમેતિ ગદતો દત્તં સદા ધ્યાયતો
દત્તેનાહૃતચેતસઃ કિમુ ભયં દત્તાય તુભ્યં નમઃ ।
દત્તાજજાતમિદં ચરાચરમરં દત્તસ્ય દામિન સ્થિતં
દત્તે ચૈવ વિલીયતે સરભસં ભો દત્ત કસ્ત્વત્પરઃ ॥

(દત્તસ્તવન શ્લોક : ૫)

'શ્રીદત્ત એ જ મારું શરણ છે' એમ બોલતાં બોલતાં, દત્તનું સદા ધ્યાન ધરતાં, દત્તથી ખેંચાયેલા અંતઃકરણવાળાને ભય ક્યાંથી? હે દત્ત આપને નમસ્કાર હો! દત્તથી આ ચર અને અચર સર્વ તરત જ (અરં) જન્મ્યું છે; દત્તના આધારે જ સ્થિત છે અને દત્તમાં જ અંતે શીઘ્રતાથી વિલીન થાય છે. હે દત્ત! આપનાથી કોણ પર છે?

## શ્રીગુરુલીલામૃતમાં શરણાગતિઃ

## ઉપાસનાકાંડઃ

(૧) વદું વદાવે જેમ તું, ગાઉં ગવાડે તેમ;
કાષ્ઠનર્તકી હું વિભો, સુત્રધાર તું એમ!!

(અ. ૧૦૬, દો.૩)

(૨) થાય કૃપા જો તાહરી, વદે મૂક પણ વેદ;
આવી શરણ તાહરે, કરૂં વ્યર્થ કાં ખેદ?
(અ. ૧૦૬, દો.૫)

(૩) બાલદોષ યદિ માત હે આણીશ ચિત્તે એમ,
રક્ષા કો કરશે પછી? જીવીશ અનાથ કેમ?
(અ. ૧૦૯, દો.૩૬)

(૪) દયાસદન, છોડી મને થયા ગુપ્ત કાં એમ;
મનમોહન કરુણા કરો, ત્યજો દીન ના તેમ.
(અ. ૧૦૯, દો.૩૮)

(૫) કૃષ્ણાતીનિવાસી હે! માતપિતા મમ સર્વ
એક તમે; તમ વિણ હરે ભવભય કોણ જ, શર્વ?
(અ. ૧૦૯, દો.૩૯)

(૬) આપ સર્વવિદ્ હૃદયનું જાણો સઘળું નાથ;
ચિંતા મારી આપને! હું તો દીન અનાથ!
(અ. ૧૦૯, દો.૪૫)

(૭) ભક્તવત્સલ હે પ્રભો! અનાથનો તું નાથ;
લે શરણે આ દાસને શરણાગત હું તાત.
(અ. ૧૧૪, દો.૭૨)

(૮) સાર્થક આ નરદેહનું કરવા માટે જાણ,
જઉં શરણ હું એમને; કરી પ્રયત્ન મહાન,

(અ. ૧૧૫, દો.૮૮)

(૯) કૃપા મેળવી એમની થાઉં કૃતાર્થ તેમ!
એમ વિચારી ત્યારથી ગુરુમૂર્તિની જેમ

(અ. ૧૧૫, દો.૮૯)

(૧૦) થાએ આજ્ઞા તેહવું વર્તી, દત્તસ્મરણ!
કરી સદા આનંદથી ધ્યાય શ્રીગુરુચરણ!

(અ. ૧૧૫, દો.૯૦)

(૧૧) લાજ તમારે હાથ છે, રાખો ટેક દયાળ;
કર્તા કરાવતા તમે, હું તો અનાથ બાળ!

(અ. ૧૨૨, દો.૧૪૧)

(૧૨) શી ચિંતા મુજને પછી? તમ સત્તાએ સર્વ;
નાચું નચાવે તેમ હું, પાંડુરંગ હે શર્વ!

(અ. ૧૨૨, દો.૧૪૨)

# ભજન-૧

અબ મૈં કહાં જાઉં શરણ છોડ ચરણ તોરે. ...ટેક.

ઘર દુવાર કોઉ નાહીં, ભ્રાત બિરાદર નાહીં;
નાતગોત સર્વ તું હી માઇ બાપ મોરે. ...અબ. ૧.

નામ સૂન દોડ આયો, પતિતપાવન મન ભાયો;
સાંવરી સૂરત[૧] દેખ ધાયો, દોઉ કર જો રે. ...અબ. ૨.

તૂ પિયા[૨] મૈં તેરી દુલહન[૩] અશરણશરણ મનમોહન;
લજ્જા તોકુ ભવભંજન, માર તાર ઓ રે! ...અબ. ૩.

દિવસ રૈન[૪] ચૈન નહીં, સ્વપ્નછબી તૂં હી સહી;
છટક છટક જાય કહીં? [૫]કબ લૌં દિલ ચોરે? .અબ.૪.

છોડછાંડ લોકલાજ, મત્ત ભઇ મિલનકાજ;
ધૂલ પડી જગતતાજ, દરસ પાય તોરે! ...અબ. ૫.

કોઉ કહે નફટ ભઈ, લાજ માઝ અટક ગઈ;
મૈં પિયા તેરી ભઈ, ભેદભાવ [૬]છોરે! ...અબ. ૬.

ઘૂંઘટ દૂર ફેંક દિયો; હાથમેં હાથ લીયો;
રંગ રૂપ એક ભયો; કોઉ કાંહી બોલે!! ...અબ. ૭.

---

૧. ચહેરો, સ્વરૂપ. ૨. પ્રિયપતિ. ૩. સુહાગણ, પ્રિયા, સ્ત્રી. ૪. રાત. ૫. ક્યાં સુધી. ૬. છોડી દીધો.

## ભજન-૨

આન પડા નાથ! દરપે શરણમેં લીજિયેજી!! ...ટેક.

નામ પતિતપાવન સુન તુમરો, આયા દરસ-ભિકારી!
અબ તો નાથ! દેર ન કીજે;
બીત ગઇ ઉમરી[૧] સારી, દયા અબ કીજિયેજી!! ...આન. ૧.

બાલપનોમેં કૂદા ખેલા, બીતી જવાની સારી;
મન માતંગા[૨] કરે તુફાના;
જરા[૩] મૌત-દૂતી આયી, કાલસે બચાયિયેજી!! ...આન. ૨.

જ્ઞાન ન સીખા ધ્યાન ન સીખા બના પેટપૂજારી!
તેરી મેરી કર કર ફૂલા;
કરની ન દેખો સાંઇ, દાસ અપનાયિયેજી!! ...આન. ૩.

દેખા દેસા દેખા ભેસા[૪], પાયા કલેશા ખાલી!
અબ તો આર્ત પૂકારું નામા;
દોડ ખોલ ખિડકી સ્વામી, પ્રેમકો નિભાયિયેજી!! ...આન. ૪.

કૌન કરે બિસ્વાસ ન જો તુમ સૂનો ટેર[૫] હમારી!
તુમરી તુમ જાનો ગોવિંદા;
તુમ બિન કોઉ નાહીં, લાજ રંગ રાખિયેજી!! ...આન. ૫.

---

૧. ઉંમર. ૨. હાથી. ૩. ઘડપણ. ૪. વેષ, ભેખ. ૫. ટહેલ.

# માતૃવંદના

અહા કષ્ટ માતા તણાં! કોણ વર્ણવે એહ?
શબ્દે પણ દુઃખ આપતાં, જાય રૌરવે તેહ!!

એક ઘડી સ્તનપાનનું દેવું માથે જેહ,
આપું ત્રિભુવન દાનમાં, તોએ મટે ન તેહ.

માતૃદુઃખ જે ના લહે, મલવત્ એ નિર્ધાર,
એક ઘડી સ્તનપાનનો વળે ન કદી ઉપકાર.

સાંભળ મુનિ! જનની ગુરુ, જનક દ્વિતીય સુજાણ,
હિતકર્તા ઉપકારી જે, ભયત્રાતા વળી માન.

ના પર દૈવત માતથી! વળે માતૃઋણ કેમ?
માતા સાક્ષાત્ પાર્વતી, પિતા સદાશિવ તેમ!!

માતા સ્હામી જો મળે જતાં પુત્રને ત્યાંય,
કરે કલ્યાણ એ નકી, અશુભ લેશ ન થાય.

આપે 'મા'ને દુઃખ જે જાય નરકમાં તેહ,
સપ્ત જન્મ દારિદ્રમાં પડે નિપુત્રિક એહ.

(પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત શ્રીગુરુલીલામૃતમાંથી)

***

# શરણભાવ

સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।
તસ્માત્ કારુણ્યભાવેન રક્ષસ્વ પરમેશ્વર ॥

શરણાગતદીનાર્ત - પરિત્રાણપરાયણમ્ ।
નારાયણં વિભું વંદે સ્મતૃગામી સ માડવતુ ॥

નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા
ત્વત્તો દેવ ત્વં શરણ્યોડકહર્તા ।
કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતે
ડઘોરાડકષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥

શરણાગતદીનાર્ત - તારકખિલકારક ।
સર્વચાલક દેવ ત્વં મમ ચિત્તં સ્થિરીકુરુ ॥

***